**દાખલ તારીખ: ૦૯/૦૩/૨૦૨૬**

**નોધ્યાં તારીખ: ૦૯/૦૩/૨૦૨૬**

**હુકમ તારીખ :૦૯/૦૩/૨૦૨૬**

| સમયગાળો | વર્ષ | માસ | દીવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૦ | ૦૧ |

## મોરબી ના માહે ત્રીજા એડીશ્નલ ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં

## મોરબી

**ક્રિ.પ્રા.અરજી. નં.૨૦૨/૨૦૨૬**

**અરજદાર/આરોપી**– (૧) નિકુંજગીરી રાજેશગીરી ગોસાઈ
રહે,મોરબી, તા.મોરબી,જી મોરબી

**વિરુધ્ધ**

**સામાવાળા**– શ્રી સરકાર

**મોરબી સાઈબર પો.સ્ટે.ગુ.ર.નં.૧૦/૨૦૨૫, બી.એન.એસ.ની.કલમ ૧૧૧(૨)(બી), ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૧૭(૨), ૬૧(૨) મુજબ ના કામે આરોપીની જામીન અરજી.**

**૧.** આજરોજ આરોપીઓના વિદવાન વકીલશ્રી એ જામીન અરજી રજુ કરતા જામીન અરજી વંચાણે લીધી, ફરીયાદ તથા પોલીસ પેપર્સ તથા ચાર્જસીટના કાગળો વંચાણે લીધા. આરોપીઓના વિ.વ.શ્રીને વિગતવાર સાંભળ્યા.

**૨.** આરોપીઓ તરફે વિ.વ.શ્રી ની મુખ્ય દલીલ એવી છે કે, આરોપીઓ નિર્દોષ છે,

તેઓએ કોઈ ગુનો કરેલ નથી. પોલીસે ખોટી રીતે હાલનાં ગુનામાં સંડોવી અટક કરેલ છે અને કહેવાતી આ ફરીયાદ વ્યવસ્થિત રીતે આરોપીને આ ગુના માં સંડોવાય તે રીતે દાખલ કરવામાં આવેલ છે. હાલનાં અરજદાર/આરોપીઓ કહેવાતાં ગુનામાં સં ડોવાયેલ ન હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવે છે કે, અરજદાર/આરોપીઓની હવે પોલીસ તપાસમાં કોઈ જરૂર છે નહી તથા આરોપીઓ ઘણા સમય થી સ્થાનિકનાં રહીશ છે તથા નાસી–ભાગી જાય તેવા નથી. કુટુંબવાળાઓ છે. તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરશે તથા આરોપીઓને જામીન મુકત કરવાથી તપાસ માં કોઈ ફેર પડે તેમ ન હોય આરોપીઓને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

**3.** સરકાર પક્ષે રજુઆત છે કે આ કામના આરોપીએ પોતાના અલગ અલગ બેંકના ખાતાનો ઉપયોગ કરી અન્ય આરોપીઓ સાથે ભેગા મળી ગુનાહીત કાવતરુ રચી ગેરકાયદેસર સીન્ડીકેટ બનાવી ભોગ બનનાર સાથે સાઈબર ફ્રોડ કરી, નાણા મેળવી તે નાણા ચેકથી તથા એટીએમથી વીડ્રો કરી એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૧(૨) (બી), ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૧૭(૨), ૬૧ (૨) મુજબનો શિક્ષાત્મક ગુનો કરતા આરોપીઓની અટક કરેલ છે. વધુમાં આરોપીઓ દ્વારા જે ગુનો આચરેલ હોય તેની સજાની જોગવાઈ ધ્યાને લેતા આરોપીઓની

જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

૪. બંને પક્ષની દલીલો ધ્યાને લેતાં તથા તમામ પોલીસ પેપર્સ તથા ચાર્જસીટના કાગળો વંચાણે લેતાં જણાઈ આવે છે કે હાલનો ગુનો ઘણો ગંભીર છે તથા આ કામના આ આરોપીઓનુ કૃત્ય પણ ધ્યાને લેતા હાલનાં તબક્કે આરોપીઓની અજાણતા કે તેની જાણ બહાર આ ગુનો બન્યો હોય તેવુ માનવાને કારણ નથી. વધુમાં હાલના કામે ફરીયાદ જોવામાં આવે તો આરોપીઓ સામે નામજોગ ફરીયાદ થયેલ છે. વધુમાં હાલના કામની ફરિયાદ જોવામાં આવે તો આરોપીઓ પોતાના બેંક ખાતાનો ઉપયોગ કરી અન્ય આરોપીઓ સાથે ભેગા મળી ગુનાહીત કાવતરુ રચી ગેરકાયદેસર સીન્ડીકેટ બનાવી ભોગ બનનાર સાથે સાઈબર ફ્રોડ કરી, નાણા મેળવી તે નાણા ચેકથી વીડ્રો કરી અને તેનો ઉપોયો કર્યાનો ગુનો કર્યાનો આક્ષેપ છે. આમ, આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૧(૨) (બી), ૩૧૬(૫), ૩૧ ૮(૪), ૩૧૭(૨), ૬૧(૨) મુજબની કલમો અન્વયે ફરીયાદ થયેલ છે. હાલના કામે આરોપીઓ સામે જે કલમો અન્વયે ફરીયાદ થયેલ છે તે જોવામાં આવે તો આરોપીઓ સામે આજીવન કેદ ની સજાની જોગવાઈ વાળા ગુન્હાનું તહોમત મુકવામાં આવેલ છે. વધુમાં હાલના કામે રજુ તપાસના કાગળ ધ્યાને લેતા આરોપીના ખાતામા સાઈબર ફ્રોડથી નાણા આવેલ હોય તેવુ જાણાઈ આવે છે. આમ, તમામ

પાસાઓ ઘ્યાને લેતા આ કામે હાલના તબકકે આરોપીઓની પ્રથમદર્શનીય ગુના માં સંડોવણી હોય તેવુ માનવા ને કારણ છે. વધુમા હાલના કામે ચાર્જસીટ દાખલ થયા બાદ સંજોગો બદલાયેલા હોય તેવુ રેકર્ડ પર ઘ્યાને આવેલ નથી. આમ, આરોપીઓને જામીન પર મુકત કરવામાં આવે તો સમાજ માં આવા પ્રકાર નાં ગુનાઓ થી વિપરીત અસર પડે તેમ છે તથા ગુના ની ગંભીરતા ને ઘ્યાને રાખતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૪૮૦ ની સત્તા આરોપીઓની તરફેણ માં વાપરવી યોગ્ય અને ન્યાયનાં હિતમાં જણાતી ન હોય નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-: હુકમ :-**

આરોપીઓની જામીન અરજી આથી '**ના મંજુર**' કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા. ૦૯ મી માહે- માર્ચ સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૦૯/૦૩/૨૦૨૬.**
**મુકામ : મોરબી**

(જે.જે.ગઢવી)
**ત્રીજા અધીક સિની. સીવીલ જજ અને**
**એડી. ચીફ જયુડી.મેજી.મોરબી.**